




**IPL 2026** | આજની મેચ | **GT Vs MI** | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: અમદાવાદ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 5 | 4 | 0 | 1 | 9 | 1.067 |
| RCB | 5 | 4 | 1 | 0 | 8 | 1.503 |
| RR | 6 | 4 | 2 | 0 | 8 | 0.599 |
| SRH | 6 | 3 | 3 | 0 | 6 | 0.566 |
| DC | 4 | 2 | 2 | 0 | 4 | 0.322 |
| GT | 5 | 3 | 2 | 0 | 6 | 0.018 |
| CSK | 6 | 2 | 4 | 0 | 4 | -0.780 |
| LSG | 5 | 2 | 3 | 0 | 4 | -0.804 |
| KKR | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |
| MI | 5 | 1 | 4 | 0 | 2 | -1.076 |

# રાજસ્થાનને હરાવી કોલકાતાનો સીઝનનો પ્રથમ વિજય

**રિંકુ** સિંહ અને અનુકૂલ રોયે રાજસ્થાનના જડબામાંથી જીત ઝુંટવી

**વરુણ** ચક્રવર્તીએ 3 વિકેટ ઝડપી, સાથે જ ટી-20માં 200 વિકેટ પૂરી કરી





કોલકાતા, તા. 19 (પીટીઆઈ): કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સને 4 વિકેટે હરાવીને IPL 2026માં જીતનું ખાતું ખોલાવ્યું છે. સતત 6 મેચોની હાર બાદ મળેલી આ જીત સાથે KKR હવે 10 ટીમોના ટેબલમાં 9માં સ્થાને પહોંચી ગયું છે.

પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાનની ટીમે 9 વિકેટે 155 રન બનાવ્યા હતા. વરુણ ચક્રવર્તીએ શાનદાર વાપસી કરતા 14 રનમાં 3 વિકેટ ઝડપી હતી, જ્યારે સુનિલ નરીને 26 રનમાં 2 વિકેટ લઈને રાજસ્થાનના બેટ્સમેનો પર અંકુશ રાખ્યો હતો.

156 રનના લક્ષ્યાંકનો પીછો કરતા કોલકાતાની શરૂઆત ખરાબ રહી હતી અને એક સમયે ટીમ 6 વિકેટે 85ના સ્કોર પર સંકટમાં હતી. કેપ્ટન અજિંક્ય રહાણે સતત બીજી મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. આ મુશ્કેલ સમયે વાઈસ કેપ્ટન રિંકુ સિંહે જવાબદારી સંભાળી અને 34 બોલમાં અણનમ 53 રન (5 ચોગ્ગા, 2 છગ્ગા) ફટકાર્યા હતા. તેને અનુકૂલ રોયનો સાથ મળ્યો, જેણે 16 બોલમાં અણનમ 29 રન બનાવ્યા હતા. બંને વચ્ચે માત્ર 37 બોલમાં 76 રનની અતૂટ ભાગીદારી થઈ હતી, જેના કારણે KKRએ 2 બોલ બાકી રહેતા જીત મેળવી લીધી હતી.

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો રહાણે બો નરીન | 39 | 29 | 4 | 2 |
| સૂર્યવંશી કો રમનદીપ બો વરૂણ | 46 | 28 | 6 | 2 |
| જુરેલ સ્ટ. સેફર્ટ બો વરુણ | 5 | 7 | 0 | 0 |
| રિયાન પરાગ બો વરૂણ | 12 | 14 | 1 | 0 |
| હેટમાયર કો રઘુવંશી બો કાર્તિક | 15 | 18 | 0 | 0 |
| ડોનવેન કો બો નરીન | 7 | 7 | 0 | 1 |
| રવિન્દ્ર જાડેજા કો ગ્રીન બો કાર્તિક | 9 | 7 | 1 | 0 |
| આર્ચર રન આઉટ | 8 | 5 | 1 | 0 |
| બિશ્નોઈ કો સેફર્ટ બો કાર્તિક | 0 | 2 | 0 | 0 |
| બ્રિજેશ શર્મા અણનમ | 1 | 3 | 0 | 0 |
| વધારાના | 13 | | | |

કુલ 20 ઓવરમાં 9 વિકેટે 155 રન

**વિકેટ પતન:** 1-81, 2-97, 3-99, 4-117, 5-124, 6-144, 7-146,, 9-155

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| વૈભવ અરોડા | 4 | 0 | 37 | 0 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 22 | 3 |
| કેમરોન ગ્રીન | 2 | 0 | 27 | 0 |
| સુનિલ નરીન | 4 | 0 | 26 | 2 |
| વરુણ ચક્રવર્તી | 4 | 0 | 14 | 3 |
| રમનદીપ સિંહ | 2 | 0 | 26 | 0 |

| કોલકાતા નાઈટ રાઈડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ટીમ સેફર્ટ બો આર્ચર | 0 | 1 | 0 | 0 |
| રહાણે કો જુરેલ બો બર્ગર | 0 | 2 | 0 | 0 |
| રઘુવંશી એલબી બો જાડેજા | 10 | 19 | 1 | 0 |
| ગ્રીન સ્ટ જુરેલ બો બિશ્નોઈ | 27 | 13 | 4 | 1 |
| પોવેલ કો ડોનવેન બો જાડેજા | 23 | 20 | 2 | 1 |
| રિંકુ સિંહ અણનમ | 53 | 34 | 5 | 2 |
| રમનદીપ બો યશ રાજ | 10 | 13 | 1 | 0 |
| અનુકુલ રોય અણનમ | 29 | 16 | 1 | 2 |
| વધારાના | 9 | | | |

કુલ 19.4 ઓવરમાં 6 વિકેટે 161 રન

**વિકેટ પતન:** 1-0, 2-5, 3-37, 4-52, 5-70, 6-85

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 35 | 1 |
| નાંદ્રે બર્ગર | 2 | 0 | 20 | 1 |
| રવિ બિશ્નોઈ | 4 | 0 | 41 | 1 |
| યશ રાજ પૂંજ | 4 | 0 | 25 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 3 | 0 | 8 | 2 |
| રિયાન પરાગ | 1 | 0 | 10 | 0 |
| બ્રિજેશ શર્મા | 1.4 | 0 | 21 | 0 |

# પંજાબ કિંગ્સે લખનૌ સામે મુક્યો 255 રનનો વિશાળ લક્ષ્યાંક

**પ્રિયાંશ** આર્ય (93) અને કૂપર કોનોલીની (87) તોફાની બેટિંગ

**પ્રિયાંશે** 19 બોલમાં અડધી સદી ફટકારી



મુલ્લાનપુર, તા. 19 (પીટીઆઈ): રવિવારે રમાયેલી IPL મેચમાં પંજાબ કિંગ્સે લખનૌ સુપર જાયન્ટ્સ સામે 254/7 રનનો પહાડ જેવો સ્કોર ઉભો કર્યો હતો. દિલ્હીના 24 વર્ષીય યુવા બેટ્સમેન પ્રિયાંશ આર્યએ માત્ર 37 બોલમાં 93 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. તેને ઓસ્ટ્રેલિયન યુવા પ્રતિભા કૂપર કોનોલીનો સાથ મળ્યો, જેણે 45 બોલમાં 87 રન ફટકાર્યા હતા. આ બંને બેટ્સમેનોએ માત્ર 80 બોલમાં 182 રનની ભાગીદારી કરી હતી, જેમાં કુલ 16 છગ્ગા અને 12 ચોગ્ગાનો સમાવેશ થાય છે. પ્રિયાંશ માત્ર 19 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

શરૂઆતમાં મોહમ્મદ શમીએ પ્રભસિમરન સિંહને પહેલા જ બોલે આઉટ કરી પંજાબને ઝટકો આપ્યો હતો, પરંતુ ત્યારબાદ પ્રિયાંશ અને કોનોલીએ લખનૌના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. લખનૌના કેપ્ટન ઋષભ પંતે કોનોલી વિરુદ્ધ એક મહત્વપૂર્ણ DRS ન લઈને મોટી ભૂલ કરી હતી, જે રિપ્લેમાં આઉટ જણાયો હતો. લખનૌ માટે માત્ર પ્રિન્સ યાદવે સારી બોલિંગ કરી 25 રનમાં 2 વિકેટ ઝડપી હતી. જોકે, પ્રિયાંશ અને કોનોલીની આક્રમક બેટિંગે લખનૌ માટે જીતનો રસ્તો મુશ્કેલ બનાવી દીધો છે.

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિયાંશ કો માર્શ બો સિદ્ધાર્થ | 93 | 37 | 4 | 9 |
| પ્રભસિમરન કો માર્શ બો શમી | 0 | 1 | 0 | 0 |
| કોનોલી કો સિદ્ધાર્થ બો પ્રિન્સ | 87 | 46 | 8 | 7 |
| અય્યર કો શમી બો મોહસીન | 5 | 6 | 0 | 0 |
| સ્ટોઈનીસ રનઆઉટ | 29 | 16 | 2 | 2 |
| નેહલ તો પૂરન બો સિદ્ધાર્થ | 13 | 7 | 1 | 1 |
| શશાંક કો માર્કરમ બો પ્રિન્સ | 17 | 6 | 1 | 2 |
| યાનસેન અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 9 | | | |

કુલ 20 ઓવર 7 વિકેટે 254 રન

વિકેટ પતન: 1-3, 2-185, 3-187, 4-193, 5-208, 6-252, 7-254

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ શમી | 4 | 0 | 56 | 1 |
| મોહસીન ખાન | 4 | 0 | 43 | 1 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 25 | 2 |
| આયુષ બદોની | 1 | 0 | 14 | 0 |
| આવશે ખાન | 3 | 0 | 46 | 0 |
| મણીમારન સિદ્ધાર્થ | 3 | 0 | 35 | 2 |
| એઈડન માર્કરમ | 1 | 0 | 32 | 0 |

# અજીત અગરકરનો કાર્યકાળ 2027ના વર્લ્ડકપ સુધી લંબાવાયો

**અજીત** અગરકર સીનિયર પસંદગી સમિતિના અધ્યક્ષ પદ પર વધુ એક વર્ષ રહેશે

**2027ના** વન-ડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ કોન્ટ્રાક્ટ રીન્યુ કરવાનો નિર્ણય લીધો



નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સીનિયર પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે અજીત અગરકરનો કોન્ટ્રાક્ટ વધુ એક વર્ષ માટે રિન્યૂ કરવાનો નિર્ણય લીધો છે. 2027ના વન-ડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને બોર્ડ પસંદગી પ્રક્રિયામાં સાતત્ય જાળવી રાખવા માંગે છે.

અગરકરના નેતૃત્વમાં ઓક્ટોબર 2023 થી માર્ચ 2026 દરમિયાન ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ગાળામાં ભારત 4 ICC ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચ્યું હતું, જેમાંથી બે T20 વર્લ્ડકપ અને એક ICC ચેમ્પિયન્સ ટ્રોફી સહિત કુલ 3 ખિતાબ જીતવામાં સફળતા મળી છે.

BCCI ના સૂત્રોના જણાવ્યા અનુસાર, નિયમ મુજબ એક પસંદગીકાર મહત્તમ 4 વર્ષ સુધી સમિતિમાં રહી શકે છે, તેથી અગરકરના કોન્ટ્રાક્ટને રિન્યૂ કરવામાં આવ્યો છે. જોકે અગરકરે પોતાનો કાર્યકાળ લંબાવવાની માગ કરી ન હતી.'

તેમના કાર્યકાળ દરમિયાન સમિતિએ વિરાટ કોહલી અને રોહિત શર્માની ટેસ્ટ નિવૃત્તિ તથા મોહમ્મદ શમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ધીમે ધીમે દૂર કરવા જેવા અનેક કડક નિર્ણયો લીધા છે. આ ઉપરાંત, ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલને T20 વર્લ્ડ કપ ટીમમાંથી પડતો મૂકીને ઈશાન કિશન જેવા ફોર્મમાં રહેલા ખેલાડીને તક આપવાનો સાહસિક નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

# પ્રીમિયરલીગ:બ્રાઈટનસામેડ્રોબાદ ટોટનહામ પર રેલીગેશનનું સંકટ



**માન્ચેસ્ટર** યુનાઇટેડ સામે ચેલ્સીનો પરાજય

**બ્રેન્ટફોર્ડ** અને ફુલહામ વચ્ચેની મેચ 0-0 થી ડ્રો રહી

માન્ચેસ્ટર, તા. 19 (એપી): ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં શનિવારનો દિવસ લંડનની બે મોટી ક્લબ ટોટનહામ અને ચેલ્સી માટે નિરાશાજનક રહ્યો હતો. ટોટનહામની મેચમાં ઈન્જરી ટાઈમમાં બ્રાઈટન સામે ગોલ ખાવાને કારણે મેચ 2-2થી ડ્રો રહી હતી. આ પરિણામને લીધે 1978થી સતત ટોચની લીગમાં રમનારી ટોટનહામની ટીમ હવે રેલીગેશન ઝોનમાં (નીચલા ક્રમે) ફસાઈ ગઈ છે.

વર્ષ 2026 માં ટોટનહામ હજુ સુધી એક પણ મેચ જીતી શકી નથી. નવા કોચ રોબર્ટો ડી ઝર્બી હેઠળ રમાયેલી આ મેચમાં પેડ્રો પોરો અને ઝેવી સિમોન્સે ગોલ કર્યા હતા, પરંતુ અંતિમ ક્ષણોમાં રટરના ગોલે ટોટનહામની આશા પર પાણી ફેરવી દીધું હતું.

બીજી તરફ, માન્ચેસ્ટર યુનાઈટેડ સામે 1-0 થી હાર્યા બાદ ચેલ્સી માટે ચેમ્પિયન્સ લીગમાં ક્વોલિફાય થવું હવે મુશ્કેલ દેખાઈ રહ્યું છે. મેથ્યુસ કુન્હાએ બ્રુનો ફર્નાન્ડીઝના પાસ પર મેચનો એકમાત્ર ગોલ કર્યો હતો. આ હાર ચેલ્સીના અમેરિકન માલિકો માટે મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. અન્ય પરિણામોમાં, ન્યૂકેસલની હાર બાદ કોચ એડી હો પર દબાણ વધ્યું છે, જ્યારે બ્રેન્ટફોર્ડ અને ફુલહામ વચ્ચેની મેચ 0-0 થી ડ્રો રહી હતી. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે, 10 વર્ષ પહેલા પ્રીમિયર લીગ જીતનારી લેસ્ટર સિટી હવે ત્રીજા સ્તરની લીગમાં ધકેલાય તેવી સ્થિતિમાં છે.

# સંકટમાં મુકાયેલી મુંબઈ સામે ગુજરાત ટાઇટન્સનો પડકાર

**સતત** 4 હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સ માટે પ્લેઓફની રેસમાં ટકી રહેવાની લડાઈ વિજયી લય જાળવી રાખવા માગશે શુભમન ગિલ

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટ સ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



અમદાવાદ, તા. 19 (પીટીઆઈ): અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર સોમવારે મુંબઈ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મહત્વનો મુકાબલો રમાશે.

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સની ટીમ હાલમાં ખૂબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે અને તેઓ સતત 4 હાર બાદ ફરી લય મેળવવા માટે બેતાબ છે. બીજી બાજુ, ગુજરાત ટાઇટન્સની ટીમે શરૂઆતની 2 હાર બાદ શાનદાર વાપસી કરી છે અને સતત 3 જીત સાથે તેઓ પોઈન્ટ ટેબલમાં છઠા ક્રમે પહોંચી ગયા છે. મુંબઈની ટીમ અત્યારે 9મા ક્રમે છે અને તેમની મોટી ચિંતા બેટિંગ અને બોલિંગ બંને વિભાગમાં જોવા મળી રહી છે.

મુંબઈ માટે સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા મધ્યમ ક્રમમાં નિષ્ફળ રહ્યા છે. તિલક વર્માએ 5 ઇનિંગ્સમાં માત્ર 43 રન બનાવ્યા છે, જ્યારે કેપ્ટન હાર્દિક પંડ્યાએ 4 મેચમાં માત્ર 81 રન કર્યા છે. આ સિવાય મુંબઈની ટીમ માટે રોહિત શર્માની ફિટનેસ પણ ચિંતાનો વિષય છે, કારણ કે તે હેમસ્ટ્રિંગની ઈજાના કારણે છેલ્લી મેચ રમી શક્યો ન હતો. બોલિંગમાં જસપ્રીત બુમરાહ કરકસરયુક્ત બોલિંગ કરી રહ્યો છે પરંતુ તેને વિકેટો મળી રહી નથી, જ્યારે શાર્દુલ ઠાકુર અને દીપક ચાહર પણ ખાસ પ્રભાવ પાડી શક્યા નથી.

ગુજરાત ટાઇટન્સની વાત કરીએ તો તેમની ટીમ મુખ્યત્વે શુભમન ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલર પર નિર્ભર છે.

જોકે તેમનો મધ્યમ ક્રમ જેમાં ગ્લેન ફિલિપ્સ અને રાહુલ તેવટિયા જેવા ખેલાડીઓ છે, તેઓ હજુ સુધી અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નથી. બોલિંગમાં મોહમ્મદ સિરાજ અને કાગિસો રબાડા થોડા મોંઘા સાબિત થયા છે, પરંતુ રાશિદ ખાન અને પ્રસિદ્ધ કૃષ્ણા પાસેથી ટીમને ઘણી આશાઓ છે.

## સુડોકુ ૭૦૫૭ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | | ૯ |
| | ૩ | ૭ | ૪ | | | ૮ | | |
| | ૯ | ૮ | | | ૭ | | | |
| | | ૫ | ૭ | | ૧ | | | |
| | ૮ | | | ૪ | | | ૫ | |
| ૪ | ૭ | | | | | | | ૨ |
| ૯ | ૪ | ૩ | ૮ | | ૬ | ૫ | ૨ | |
| ૭ | | | | ૨ | ૪ | ૬ | | ૮ |
| | ૬ | | ૫ | ૧ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અશ્વગંધા- વાજીકરણ

ત્રણ ગ્રામ આસન ચૂર્ણ એક ચમચી ઘી માં સેકી, તેમાં દૂધ સાકર ભેળવી રોજ સવારે પીવું

# બ્લેસિંગ મુજરબાનીએ PSLને પ્રતિબંધ હટાવવા કહ્યું

**જે કરાર** ક્યારેય અસ્તિત્વમાં જ નહોતો તેને તોડવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી: મુજરબાની



નવી દિલ્હી, તા. 19: ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીની એજન્સીએ પાકિસ્તાન સુપર લીગ (PSL) દ્વારા તેમના પર લાદવામાં આવેલા બે વર્ષના પ્રતિબંધનો વિરોધ કર્યો છે. એજન્સીનું કહેવું છે કે મુઝરબાનીએ IPL 2026 માં KKR સાથે જોડાતા પહેલા PSL માટે કોઈ સત્તાવાર કરાર સાઈન કર્યો નહોતો. ઈસ્લામાબાદ યુનાઈટેડે 2026 માટે તેમનો સંપર્ક કર્યો હતો પણ આ કરાર માત્ર કામચલાઉ હતો અને તે ઝિમ્બાબ્વે ક્રિકેટના NOC પર આધારિત હતી જેના માટે એક પાકા કરારની જરૂર હતી જે ક્યારેય મળ્યો ન હતો.

એજન્સીએ સ્પષ્ટ કર્યું કે જ્યારે 27 ફેબ્રુઆરીએ કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી ઓફર મળી, ત્યારે મુઝરબાની કોઈ પ્રોફેશનલ કરારથી બંધાયેલા નહોતા. PSLના મતે મુઝરબાનીનો સોદો આશરે 11 મિલિયન પાકિસ્તાની રૂપિયામાં નક્કી થયો હતો. જોકે કરારના અભાવે તેણે KKRની ઓફર સ્વીકારી લીધી હતી જ્યારબાદ પીએસએલએ તેના પર બે વર્ષનો પ્રતિબંધ લાદ્યો હતો. આથી, એજન્સીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને આ પ્રતિબંધ હટાવવા વિનંતી કરી છે, કારણ કે જે કરાર ક્યારેય અસ્તિત્વમાં જ નહોતો તેને તોડવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

### કરાર ન હોવાની વાત PCBએ સ્વીકારી, પરંતુ મૌખિક સમજૂતી પર મક્કમ

કરાચી, તા. 19 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ સ્વીકાર્યું છે કે ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીને PSLમાં રમવા માટે કોઈ સત્તાવાર કરાર મોકલવામાં આવ્યો નહોતો. જોકે, બોર્ડનું કહેવું છે કે બંને પક્ષો વચ્ચે મૌખિક સમજૂતી થઈ હતી અને મુઝરબાનીએ IPLમાં જોડાઈને આ વિશ્વાસ તોડ્યો છે. PCB ના સૂત્રો મુજબ, જ્યારે ફી અને અન્ય શરતો પર લેખિત પત્રવ્યવહાર દ્વારા સંમતી સધાય ત્યારે તે એક બંધનકર્તા જવાબદારી બની જાય છે. બીજી તરફ, મુઝરબાનીના એજન્ટ રોબ હમ્ફ્રીઝે બોર્ડના આ પ્રતિબંધને અન્યાયી ગણાવ્યો છે.




### બીજી મહિલા T20I: દક્ષિણ આફ્રિકાની ભારત સામે 8 વિકેટે જીત

ડરબન, તા. 19 (પીટીઆઈ): રવિવારે રમાયેલી બીજી મહિલા T20 મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 8 વિકેટે હરાવીને 5 મેચની શ્રેણીમાં 2-0થી સરસાઈ મેળવી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમ 147 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓપનર શેફાલી વર્માએ 31 બોલમાં 57 રનની આક્રમક ઈનિંગ રમી હતી અને ડેબ્યુ કરનાર અનુષ્કા શર્માએ 28 રનનું યોગદાન આપ્યું હતું. જોકે, સ્મૃતિ મંધાના અને જેમિમા રોડ્રિગ્સ સસ્તામાં આઉટ થયા બાદ મધ્યમ ક્રમ પત્તાની જેમ વિખેરાઈ ગયો હતો. ભારતે છેલ્લા 48 રનમાં 8 વિકેટ ગુમાવી દીધી હતી. 148 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દક્ષિણ આફ્રિકાની શરૂઆત શાનદાર રહી હતી. કેપ્ટન લૌરા વોલ્વાર્ડે 54 રન અને સુન લુસે 57 રન ફટકારીને પ્રથમ વિકેટ માટે માત્ર 12 ઓવરમાં 106 રનની ભાગીદારી કરી હતી. શ્રેયંકા પાટીલે બંનેને આઉટ કર્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં દક્ષિણ આફ્રિકા જીતની નજીક પહોંચી ગયું હતું. યજમાન ટીમે 17.1 ઓવરમાં માત્ર 2 વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

## શબ્દગુંફન - ૭૧૯૯

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. એક મીઠી વાની (૨)
૩. અંધારું, અંધકાર (૩)
૫. વલોણાનું દોરડું (૩)
૭. દીકરા કે દીકરીનું સંતાન (૩)
૮. નિકાસ, જાવરો (૩)
૧૦. વહેમ (૨)
૧૧. બહેરાપણું, બીક (૨)
૧૨. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૩. ગરીબ (૨)
૧૪. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૬. વિસ્તાર, ફેલાવો (૨)
૧૭. રાહ, રસ્તો (૨)
૨૦. દેવું, ઋણ (૩)
૨૨. વસવું તે, રહેઠાણ (૪)
૨૪. સદાચાર (૨)
૨૬. મોટું (૨)
૨૭. પાંચમું પાતાળ (૪)
૩૦. સતત (૪)
૩૩. અનુકરણ (૩)
૩૪. સોબત, સંગાથ (૨)
૩૫. ચણોઠી જેટલું વજન (૨)
૩૬. વેચાણનું નાણું (૩)

**ઊભી ચાવી**

૨. તેજ, ભપકો, આભા (૩)
૩. અદ્રશ્ય થવું તે (૪)
૪. છુટ્ટી, પરવાનગી (૨)
૫. પ્રામાણિક (૨)
૬. ગૂંગળાવું તે (૩)
૯. મુખ, ચહેરો (૩)
૧૦. શાંતિ (૨)
૧૨. ખુશ, પ્રસન્ન (૨)
૧૩. દીવો (૩)
૧૪. ટેક, આબરૂ (૨)
૧૫. રાજાને છાજે તેવું (૩)
૧૭. પીડા, કંટાળો (૨)
૧૮. કિનારો, કાંઠો (૨)
૧૯. જંગલી, વન્ય (૨)
૨૧. ધોળાશ પડતું (૩)
૨૨. સ્નેહ, હેત, લાગણી (૩)
૨૩. કથા, કહાણી (૩)
૨૫. ત્રાંસું, તીરછું (૪)
૨૮. વરસ (૨)
૨૯. ચળકતી, શોભતી (૩)
૩૧. ગાનારો, ગવૈયો (૩)
૩૨. પ્રેમ, આનંદ (૨)



## આજનું પંચાંગ

**તા. 20/04/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1946
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** સુદ ત્રીજ: 07:29 પછી ચોથનો ક્ષય છે
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત/ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 30
**યોગ :** સૌભાગ્ય **કરણ:** વણિજ
**નક્ષત્ર :** રોહિણી:- 26:10
**રાશિ:** વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** અશુભ- વિનાયક ચતુર્થી
**સુરતમાં સૂર્યોદય :** 06:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:58
**નવકારસી :** 07:05
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે 07:30 થી 09:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** આર્થિક બાબતે પ્રગતિ થાય. મોજ-શોખ અને ખાણી-પીણીના ધંધામાં આવક વધે. ઘરમાં તાલમેળ રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** વાહન ચલાવતાં સાવધાની રાખવી. મન અતિ ચંચળ રહે. રોમેન્ટીક મુલાકાત થાય. આરોગ્ય સુધરે.

**મિથુન (ક,છ,ઘ,):** તીર્થદર્શન થાય. સરકારી કામ પાર પડે. નોકરીમાં જવાબદારી વધે. સ્વાર્થી અને ઈર્ષાળુથી સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ,):** પ્રેમમાં તાલમેળ વધે. અભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. શેરબજારના કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** સંપત્તિનો સોદા થાય. અચાનક પોતાના કેરિયરમાં તક મળે. નોકરીમાં નવ જવાબદારી વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગ્યનો સાથ મળે. નોકરીની તલાશ પૂર્ણ થાય. વિદેશના કામમાં ગતિ આવે. કાયદા બાબતે મદદ મળે.

**તુલા (ર,ત,):** આરોગ્યનું ધ્યાન રાખવું. શત્રુઓ અને ચોર લૂંટારુથી સાવધાન રહેવું. અચાનક ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** વડીલોનું માર્ગદર્શન મળે. બૌદ્ધિક કામમાં પ્રગતિ થાય. ઘરમાં અશાંતિ રહે. ઉંમરલાયકના વિવાહ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** લેવડ-દેવડમાં ધીરજ રાખવી. આરોગ્ય બાબતે સભાન બનશો. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું.

**મકર (ખ,જ,):** વિદ્યાર્થીઓને મદદ મળે. શેર બજારમાં તક મળે. મિત્રો સાથે મનોરંજન થાય. આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરમાં નવા ફેરફાર થાય. નોકરીમાં જવાબદારી વધે. ધંધામાં નવા સોદા પાર પડે.

**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલા કામ પાર પડે. સામાજિક કામ પાર પડે. અચાનક સફળતા મળે. પ્રવાસમાં ધીરજ.

### કોઈ પણ સાલમાં 20 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. ટેકનોલોજીનો લાભ મળે. સરકારી નીતિ દોડધામ વધારે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. નોકરી-ધંધા-સમાજ-વ્યવસાય વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી નોકરી કામ, કાજ કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસો, જાયદાદ, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનના કામ શરૂઆતમાં સફળ બને. યાત્રા, પ્રવાસ, ધર્મ, કર્મ થાય. સરકારી નોકરીની યોજના બને. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર 2,11,20 29 તારીખે નવા કામ કરી શકાય. સફેદ, ક્રીમ અને લાઈટ લીલો રંગ વાપરતા રહેવું. જાન્યુઆરી, ફેબ્રુઆરી-મંગળ-બુધવાર, 5,8, તારીખે નવા કામ ટાળવા. કાળો, ભૂરો, લીલો રંગ ઉપયોગમાં લેવો નહીં.